# ન્યાયની ગુહાર સાથે મહેસાણામાં ચૌધરી સમાજની રેલી

## ચકચારભર્યા પ્રકાશ ચૌધરી હત્યા કેસમાં ઊંઝાના ધારાસભ્ય પર આરોપીઓને છાવરવાનો અને સાક્ષીઓને ડરાવવા તોડવાનો આક્ષેપ

મહેસાણા, તા. ૨

ઊંઝા નજીકના ઐઠોર ગામના પ્રકાશ ચૌધરીની ચકચારભર્યા હત્યા કેસમાં આરોપીઓને છાવરવામાં તેમજ કેસના બે સાક્ષીઓ સામે સામ, દામ,દંડ, ભેદની નીતિ અપનાવી કેસ નબળો પાડવાના આક્ષેપ મૃતક યુવાનની માતા તથા વિધવા પત્ની દ્વારા ઊંઝાના ધારાસભ્ય પર લગાવાયા હતા. આ આક્ષેપ સાથે ન્યાયની માંગણી કરવાના હેતુસર આજે મહેસાણા ખાતે તોરણવાળી માતાના ચોકમાં ચૌધરી સમાજના ભાઈ બહેનો સહિત અનેક લોકોની એક વિશાળ રેલી યોજાઈ હતી.

ઊંઝાના સનસનાટીભર્યા પ્રકાશ ચૌધરી હત્યા કેસમાં ઊંઝાના ધારાસભ્ય પર સત્તાનો દુરુપયોગ કરી સાક્ષીઓને ડરાવી ધમકાવી લલચાવી આરોપીઓને છાવરવાના આક્ષેપ સાથે રાજકીય રંગ ઉમેરાયો છે. ચૌધરી સમાજ દ્વારા પ્રકાશ ચૌધરીના માતા અને વિધવા પત્નીને પડખે ઉભા રહી ન્યાય અપાવવાના ઉદ્દેશથી શહેરના રાજમહેલ રોડ પરથી એક વિશાળ રેલીનું આયોજન કરાયું હતું. આ રેલીમાં જોડાયેલા લોકોએ શાંતિપૂર્ણ રીતે બેનરો દ્વારા પોતાનો વિરોધ પ્રગટ કરી જિલ્લા કલેકટર કચેરીએ જઈને ઊંઝાના ધારાસભ્યની કેસમાં કથિત સંડોવણી અંગે આક્રોશ વ્યકત કર્યો હતો. રેલીમાં જોડાયેલ ચૌધરી સમાજના આગેવાનોએ કલેકટરને આવેદનપત્ર પણ આપ્યું હતું.

જેમાં ધારાસભ્ય વિરુધ્ધ ગંભીર આક્ષેપો પણ કરાયા હતા અત્રે ઉલ્લેખનીય છે કે મૃતકની વિધવા પત્નિ દ્વારા વિવિધ અખબારોમાં ખુલ્લો પત્ર છપાવી ગુજરાત રાજયના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સમક્ષ ન્યાયની ગુહાર પણ પોકારી છે. આ ખુલ્લા પત્રમાં વિધવા પત્નિએ મુખ્યમંત્રીને તેમનું વચન યાદ કરાવી આ કેસમાં હસ્તક્ષેપ કરી કેસને નબળો પાડવા મથી રહેલા તેમજ આરોપીઓનો બચાવ કરતા તત્વો વિરુધ્ધ પગલા લેવા તેમજ પોતાને ન્યાય અપાવવા મદદરૂપ થવા યાચના કરી હતી. ન્યાયની માંગણી અર્થે નીકળેલ આ રેલીમાં ચૌધરી સમાજ મોટી સંખ્યામાં જોડાયો હતો.

## પાલનપુરના એસ.પી. અશોક યાદવાનું રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાજી દ્વારા સન્માન કરાયું

પાલનપુર, તા. ૨

બનાસકાંઠા જીલ્લાના અમીરગઢ તાલુકાના વિરમપુર ખાતે -મુખ વિધાલયની ૧૧૧ વિધાર્થીનીઓને પોતાના જન્મ દિને દત્તક લઈને ભણવા માટે લોક ભાગીદારીથી પુસ્તકો, ગણવેશ, આવવા જવા માટે વાહન સહિતની સુવિધા આપવા બદલ બનાસકાંઠા SP શ્રી અશોક યાદવનું રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાજી દ્વારા પુષ્પગુચ્છ આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

# ધનસુરામાં કરોડો રૂપિયાની ગટર યોજનાનું કામ ખોરંભે ચઢાવી કોન્ટ્રાકટરો ભાગી ગયા

ધનસુરા, તા. ૨

ધનસુરામાં સરકારે કરોડોની ગ્રાન્ટ પાસ કરી બબ્બે ગટર યોજનાઓ મંજુર કર્યા પછી ટેન્ડર પાસ થઈ ગયા અને શરૂઆતમાં કામ ઝડપથી શરૂ કર્યા પછી ચોમાસામાં આ કામ અધુરું રાખી બંને કોન્ટ્રાકટરો આજ દિન સુધી ફરીથી કામે આવ્યા નથી. અધુરા કામના કારણે પ્રજા અને વાહનચાલકો પરેશાન થઈ રહ્યા છે. ધનસુરા નગરની ગટર યોજનાનું કામ શરુ કરી સોસાયટીઓ અને ગામના મકાનો આગળ ગટરો ખોદી પાઈપ લાઈનો નાંખ્યા બાદ ખોદકામ વખતે રોડ તોડી નાંખ્યા પછી એક પણ રોડ પુનઃ બનાવ્યો ન હોવાના કારણે લોકો પરેશાન થાય છે. ગટર કનેકશન પણ આપ્યા નથી. કુંડીઓમાં પણ રીતસર વેઠ ઉતારી હોય તેવું પ્રજામુખે ચર્ચાય છે.

આ યોજનાનું કામ છેલ્લા કેટલાય મહિનાથી ખોરંભે પડેલ છે. આની જવાબદારી જે અધિકારીની હોય તેમણે તાત્કાલિક આ કામ પૂર્ણ કરવા કોન્ટ્રાકટરોને જાણ કરવાની ફરજ છે. જો કામ પુનઃ શરુ ન કરે તો તેની સામે પગલા ભરવા જોઈએ તેવું નગરજનોમાં ચર્ચાઈ રહ્યું છે.

આ ગામમાં રાજય ધોરીમાર્ગ ની બંને સાઈડે ગટર યોજનામાં ખોદકામ શરુ કરેલ ગમે તે કારણસર આ કામના કોન્ટ્રાકટર પણ અધુરુ કામ છોડી ભાગી જતા વાહનચાલકો અને દુકાનદારો પરેશાન થઈ રહ્યા છે. ગટર યોજનામાં ખાડા ખોદ્યા પછી આગળ કોઈ કામ ન થતાં ચોમાસામાં આ ખાડામાં પાણી ભરાતાં માખી મચ્છરના ઉપદ્રવ વધી જતાં અને ગંદકીથી દુર્ગંધ મારતા દુકાનદારોને સ્વ ખર્ચે ખાડા પુરી દેવાની ફરજ પડી હતી. માર્ગ અને મકાન વિભાગના જવાબદાર અધિકારીઓ આ કામના કોન્ટ્રાકટરોને નોટીસ આપી સત્વરે કામ શરુ કરવું જોઈએ તેમ પ્રજા ઈચ્છે છે. બંને ગટર યોજનાનું કામ હાલ બંધ છે.



-સિધ્ધ યાત્રાધામ અંબાજી મુકામે ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કુલ પરિસરમાં ગુજરાતના રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાજીની ઉપસ્થિતીમાં બનાસકાંઠા જીલ્લાના આદિજાતિ વિસ્તારનો લોકસંપર્ક કાર્યક્રમ યોજાયો હતો. આ -સંગે રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ -ાસંગીક -વચન કરતાં જણાવ્યું કે લોકતંત્રને લીધે સૌના વિકાસ માટે વિશાળ પાયે કામગીરી ચાલે છે. તેમણે કહ્યું કે દેશમાં કોઈપણ વ્યક્તિ વિકાસથી વંચિત ન રહે અને ગરીબો પણ ઝડપભેર વિકસીત સમાજની હરોળમાં આવે તે માટે વ્યાપક -યાસો થાય છે. રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ કહ્યુ કે લોકતંત્રમાં સૌનું મહત્વ છે. દરેક નાગરિકને સમાન હક અને અધિકાર મળે છે. તેમણે કહ્યુ કે આ વ્યવસ્થામાં સૌને સમાન અધિકાર અને સુવિધાઓ આપવામાં આવે છે. તેમણે જણાવ્યું કે -ગતિ માટે સક્રિય અને કાળજીપૂર્વક -યાસ કરીને પરિવાર, સમાજ અને રાષ્ટ્રમાં સમૃધ્ધિ અને સુખાકારી લાવીએ. તેમણે એકલવ્ય રેસીડેન્સીયલ ગર્લ્સ સ્કુલ જેતવાસ, અંબાજીમાં અભ્યાસ કરતી વિધાર્થીનીઓને સારૂ ભણીને ઉજજવળ કારકિર્દી બનાવવા અનુરોધ કરીને સૌને સુખમય જીવનની શુભેચ્છા પાઠવી હતી.

# ડીસા-પાટણ રોડ પર ડમ્પર અને મોટર સાયકલ વચ્ચે અકસ્માતમાં એકનું મોત

ડીસા, તા. ૨

ડીસા પંથકમાં ડમ્પર ચાલકોનો મોતનો આતંક યથાવત રહેલ છે. કેમ કે બે દિવસ અગાઉ ગાયત્રી મંદિર પાસે ૧૫ વર્ષીય કિશોરને ડમ્પર ચાલકે કચડી મોતને ઘાટ ઉતારવાના અરેરાટી ભર્યા બનાવ બાદ આજે સાંજે ડીસા થી પાટણ જતા રોડ પર જુના ડીસા નજીક પુનઃ એક નવીન અકસ્માતમાં મોટર સાયકલ પર સવાર બે મુસાફરોને અન્ય ડમ્પર ચાલકે ટકકર મારતા એકનું ઘટનાસ્થળે જ મોત થયું હતું જયારે અન્ય એક ગંભીર હાલતમાં જીવન અને મરણ વચ્ચે હોસ્પિટલમાં ઝોલા ખાય છે.

આ ઘટનાની વિગતો એવી છે કે જુના ડીસા ગામે રહેતા એસ.ટી. વિભાગના નિવૃત્ત કર્મચારી અબ્બાસખાન કેશરખાન ચાવડા અને તેમના સાથીદાર સોએબભાઈ મેમણ આજે રવિવારની સાંજે ૮ કલાકે ડીસાથી મોટર સાયકલ પર જુના ડીસા ગામે ઘેર પરત જઈ રહ્યા હતા તેવા જ સમયે યમદૂત સમાન પાટણ તરફથી આવતા ડમ્પર ચાલકે ગફલતભર્યા ડ્રાઈવિંગે સામેથી આવતા બંનેને અડફેટે લઈ ટકકર મારતા બંને રોડ પર પટકાયા હતા જયાં નિવૃત્ત કર્મચારી અબ્બાસખાન કેશરખાન ચાવડાનું ઘટના સ્થળે જ મોત થયું હતુ જયારે તેમના સાથીદાર એવા સોએબભાઈ મેમણને ગંભીર ઈજાઓ થતા ૧૦૮ મારફતે ડીસાની સરકારી હોસ્પિટલે ખસેડાયા હતા. જયાં તેમને વધુ ઈજા હોઈ મહેસાણા ખસેડાયા છે જયારે બીજી તરફ આ મામલે ડીસા તાલુકા પોલીસે તપાસ હાથ ધરેલ છે. આમ રાક્ષસી ગતિએ ચાલતા બેફામ બનેલા ડમ્પર ચાલકોએ છેલ્લા ચાર માસમાં ૫ થી વધુ વાહન ચાલકોને મોતને ઘાટ ઉતારતા લોકોમાં રોષ જોવા મળેલ છે.

# પાલનપુરમાં પાકીટમારે એક મહીના સુધી જલ્સા કર્યા બાદ એ.ટી.એમ.માંથી પૈસા ઉપાડી લહેર કર્યા બાદ અંદર

પાલનપુર, તા. ૨

પાલનપુર શહેરના સેન્ટ્રલ બસ સ્ટેશન પર એકાદ માસ અગાઉ જૂના લક્ષ્મીપુરા વિસ્તારમાં આવેલ રાજવી બંગ્લોઝમાં રહેતા અમૃતલાલ છગનભાઈ પ્રજાપતિનું પાકીટ મરાયું હતું. તેમાં રૂ. ૧૦૦૦ રોકડા, બે એ.ટી.એમ. કાર્ડ પણ હતા. તેની તપાસ બાદ એ.ટી.એમ. સી.સી. ટી.વી. દશ્યોને આધારે પોલીસ ફરિયાદ કરાતા પોલીસે તા. ૨૦-૧૧-૧૩ના રોજ ફરિયાદ નોંધી તપાસ બાદ આ પાકીટમારને રૂ. ૬૮૦૦૦ ના જલ્સા કરનાર શહેરના ભક્તોની લીમડી વિસ્તારમાં રહેતા રમઝાન રહીમભાઈ સલાટને ઝડપી પાડી અંદર કરી આગળની કાર્યવાહી પૂર્વ વિસ્તાર શહેર પોલીસના પો.સબ. ઈન્સ. બી.એલ. વડુકરે હાથ ધરી છે.



પાલનપુરમાં લોક વિજ્ઞાન કેન્દ્રના ઉપક્રમે 'એઈડ્સ જાગૃત સંદર્ભે આજે જુદી જુદી શાળાઓના ૪૦૦ વિધાર્થીઓની રેલી યોજાઈ હતી. જિલ્લા આરોગ્ય અધિ. ડૉ. એ.એચ. આચાર્ય અને લોકવિજ્ઞાન કેન્દ્રના ભરતભાઈ ઠાકોરે લીલી ઝંડી બતાવી હતી. (તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)



અંબાજી મુકામે ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કુલ ખાતે રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાજીની ઉપસ્થિતિમાં આ વિસ્તારના વિકાસ અંગે રિવ્યુ મિટીંગ યોજાઈ હતી. જેમાં પદાધિકારીશ્રીઓ અગ્રણીઓ અને અધિકારીઓ ઉપસ્થીત રહ્યા હતા. મિટીંગમાં વિકાસલક્ષી વિવિધ વિગતો રજુ કરવામાં આવી હતી તેમજ કેટલાક સુચનો પણ થયા હતા.

# ઉંઝા ખાતે મહેસાણા જિલ્લાના પૂર્વ સૈનિકો અને તેમની વિધવાઓનું સંમેલન યોજાયું

મહેસાણા, તા. ૨

મહેસાણા જિલ્લાના ઉંઝા ખાતે પૂર્વસૈનિકો તેમની વિધવાઓ અને તેમના પરિવારજનોના પુનઃવસન, પેન્શન, તબીબી સારવાર, શૈક્ષણિક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા પડતી મુશ્કેલી તેમજ સરકારી રાહે જમીન મેળવવા સબાંધિતના વિવિધ મુશ્કેલીઓના સરકારશ્રીઓથી અમલીકરણ રાહત મેળવવા સહિતના વિવિધ વિષયો પર માર્ગદર્શન આપી તેમની સમસ્યાઓ હલ કરવાના ઉદાર હેતુસર રાજ્ય સૈનિક કલ્યાણ અને પૂર્નવસન બોર્ડ, મહેસાણા કચેરી તરફથી મહેસાણા જિલ્લાના પૂર્વ સૈનિકો અને તેમની વિધવાઓ સહિતના પરિવારજનોનું સંમેલન ઉંઝા ખાતે યોજાયું હતું.

રાષ્ટ્રગાન સાથે પ્રારંભ થતા આ સંમેલનને સૈનિક કલ્યાણ અને પૂર્નવસન બોર્ડ ગુજરાત રાજ્યની અમદાવાદ કચેરીના નાયબ નિયામકશ્રી, આઈ.વી. દેસાઈએ દીપર પ્રગટાવી ખુલ્લો મુક્યો હતો. આ પ્રસંગે તેમની સાથે ઉંઝા મામલતદારશ્રી આર.બી. બલસારા પૂર્વ લેફ્ટટેન્ડ કર્નલ શ્રી કૃષ્ણદિપસિંહ જેઠવા, પૂર્વ કર્નલ શ્રી વી.કે. કપુર, પૂર્વ કર્નલ શ્રી વી.કે. પટેલ દાંતાશ્રી આર્મડ સિક્યુરીટીના શ્રી વી.આર. પ્રજાપતિ વગેરે જોડાયા હતા.

મુખ્ય મહેમાન પદેથી અમદાવાદથી પૂર્વ સૈનિક કલ્યાણ અને પૂર્નવસન બોર્ડના નાયબ નિયામકશ્રી આઈ.વી. દેસાઈએ મહેસાણા જિલ્લાના ઉપસ્થિત રહેલા ૮૬૭ પૂર્વ સૈનિકો અને ૪૨ તેમની વિધવાઓ સહિતના પરિવારજનોને સંબોધતા જણાવ્યું હતું કે કલ્યાણ રાજ્યની વરેલી આ સરકારે પૂર્વ સૈનિકો અને તેમના પરિવારજનોની સમસ્યાઓ હલ કરવા સક્રિયપણે કાર્ય કરી રહી છે. સરકારી રાહે જમીન મેળવવા માટે પૂર્વ સૈનિકો અને તેમના પરિવારજનો તરફથી મળતી અરજીઓ પરત્વે સરકાર બીલકુલ સકારાત્મક હોઈ મળેલ અરજીઓ પૈકી સરકારે ૧૧૧૧ અરજદારોની જમીન ફાળવી આપી છે. બાકીની અરજીઓ પ્રગતિમાં હોવાનું પણ જણાવ્યું હતું.

પૂર્વસૈનિકો અને તેમની વિધવાઓ સરકારી રાહે ખેતીની જમીન માંગણી કરી શકે છે. તદ્ ઉપરાંત બિન સરકારી ખેતીની જમીન પણ તેઓ ખેડૂત ખાતેદાર ન હોય તો પણ ખરીદી શકે છે. તે માટે સરકારમાંથી તેમણે કેટલીક મંજુરી લેવાની થાય છે. અને તે તેમને મળે છે આમ પૂર્વ સૈનિકો અને તેમની વિધવાઓના સરકાર સબંધિત વિવિધ વિષયો અને તેમના હલ કરવાના વિવિધ ઉપાયો ઉપર પ્રકાશ પાડ્યો હતો.

અતિથિવિશેષ પદેથી ઉપસ્થિત રહેલા સર્વશ્રી પૂર્વ કર્નલ શ્રી વી.કે. કપૂર, પૂર્વ કર્નલ શ્રી વી.કે. પટેલ વગેરે ઉપસ્થિતોને ચાવીરૂપ માર્ગદર્શન આપ્યું હતું.

આર્મિના પૂર્વ સૈનિક, આર્મડ, સીક્યુરીટીવાળા દાતાશ્રી વી.આર. પ્રજાપતિ દ્વારાપૂર્વ સૈનિકો અને તેમની વિધવાઓના ભારતીય સંરક્ષણ સેવામાં મળેલ તેમના યોગદાન બદલ ઉમળકાભેર શાલ ઓઢાડી તેમના ગૌરવને સન્માન્યા હતા. આ પ્રસંગે ભારતીય સંરક્ષણ સેવાની ત્રણેય પાંખો આર્મિ નેવી અને એરફોર્સ એમ તમામના મહેસાણા જિલ્લાના ૮૬૭ પૂર્વ સૈનિકો અને ૪૩ તેમની વિધવાઓ સહપરિવાર ઉપસ્થિત રહ્યા હતા.



# પાલનપુરમાં રેડીમેડની દુકાનમાં તસ્કરોએ રૂ. અડધા લાખની ચોરી કરી નાસી છૂટ્યા

પાલનપુરના સીટીલાઈટ સીનેમા રોડ પર આવેલ કાશીબા કોમ્પલેક્ષમાં આવેલ શ્રીમાન ફેશન નામની દુકાનમાં તસ્કરોએ તાળા તોડી રૂ. ૫૦૦૦ રોકડા અને રૂ. ૪૫,૦૦૦ ના રેડીમેડ કપડાની ચોરી કરી તસ્કરો નાસી છુટ્યા છે. શિયાળો શરૂ થતાં જ તસ્કરોએ પોલીસની ઠંડી ઉડાડવાનું આરંભ કરતા ઉપરોક્ત ચોરી અંગે પ્રવિણભાઈ જેન્તીભાઈ માણીની ફરીયાદને આધારે તપાસ આદરી છે.

# બનાસકાંઠાના બસુ પંથકમાં કોઈએ જીવતી ભેંસ સળગાવતા ચકચાર

પાલનપુર, તા. ૨

બનાસકાંઠાના વડગામના બસુ પંથકમાં લેબલપુરા ગામે ગત રાત્રે કોઈએ દરિયાબેન ઠાકોરના ઘર પાસે વાડામાં બાંધેલી જીવતી ભેંસ કોઈએ સળગાવતા ભેંસના જોરથી ભાંભરવાને લીધે રાત્રે ભારે ચકચાર સાથે ગામમા અફડાતફડી મચી હતી.

આ કરૂણા જગાવે અને હિન કક્ષાના હિચકારી ઘટનાની વિગતો સૂત્રોના જણાવ્યાનુસાર ઉપરોક્ત બનાવમાં ભેસ ૪૦ ટકા જેટલી દાઝી જવા પામેલ અને ઘાસ પણ સળગી ગયેલ. વળી, ઘટનાના ૧૫ દિવસ અગાઉ જ તેની પ્રસૂતી થઈ હતી. આમ દૂઝણી ભેંસ સળગાવનાર નરાધમ સામે સમગ્ર પંથકમાં ફીટકારની લાગણી પ્રસરી છે. પોલીસે સ્થળ પર તપાસ હાથ ધરી આકરા પગલા ભરવા પ્રજા ઉગ્ર માંગણી કરી રહી છે.

# બારેજા હોસ્પિટલમાં દર્દીઓએ ગુમાવી દ્રષ્ટિ, સરકારની ટીમો દોડી

અમદાવાદ તા. ૨

અમદાવાદ નજીક આવેલા બારેજા ખાતે બ્લાઈન્ડ પિપલ એસોસિએશન સંચાલિત આંખની હોસ્પિટલમાં મોતિયાના ઓપરેસન બાદ આઠ ગરીબ દર્દીઓની આંખમાં ઈન્ફેકશન થયું હતું. જેથી તેમને દ્રષ્ટિ ગુમાવવાનો વારો આવે તેવી સ્થિતિ સર્જાઈ હતી. જોકે, આ ઘટનાની જાણ થતાં જ રાજ્ય સરકારની આરોગ્ય વિભાગની એક ટીમ હોસ્પિટલ દોડી આવી હતી અને તપાસ હાથ ધરતાં સંચાલકો દોડતાં થઈ ગયાં છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
AGL Radhe
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન